# કાશ્મીર અને ઝારખંડમાં આજે મતગણતરી

રાંચી/શ્રીનગર,તા. ૨૨

જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીના પાંચમા અને અંતિમ તબક્કાના મતદાન બાદ હવે આવતીકાલે એટવલે કે ૨૩મી ડિસેમ્બરના દિવસે મતગણતરી હાથ ધરાવામાં આવનાર છે. બન્ને રાજ્યોમાં આ વખતે રેકોર્ડ ઉંચુ મતદાન થયા બાદ તમામ રાજકીય પક્ષોમાં ઉત્સુકતા છે. બંને રાજ્યોમાં કોણ સરકાર બનાવશે તેનું ચિત્ર આવતીકાલે બપોર બાદ સ્પષ્ટ થઈ જશે. સારે મતગણતરીની પ્રક્રિયા શરૂ કરાશે. જેને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ઉંચા મતદાનના કારણે રાજકીય પક્ષોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. જમ્મુ કાશ્મીરમાં અંતિમ તબક્કામાં ૭૬ ટકા મતદાન થયું હતું જ્યારે ઝારખંડમાં ૭૧.૨૫ ટકા જેટલું ઐતિહાસિક ઉંચુ મતદાન થયું હતું. મોટાભાગના મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.બન્ને રાજ્યોના ચૂંટણી ઈતિહાસમાં સૌથી ઉંચુ મતદાન થયું છે. બંને રાજ્યોમા હિંસાના છુટાછવાયા બનાવ સિવાય મતદાન તમામ તબક્કામાં શાંતિપૂર્ણ રહ્યું હતું. તીવ્ર ઠંડી હોવા છતાં




મતદારોમાં ભારે ઉત્સાહ દેખાયો હતો. અંતિમ તબક્કામાં જમ્મુ કાશ્મીરમાં ૨૦ અને ઝારખંડમાં ૧૬ બેઠકો પર મતદાનની સાથે જ લાંબી મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. મોદીની લહેર વચ્ચે ભાજપે બન્ને રાજ્યોમાં શાનદાર જીત મેળવી લેવા માટે આશાવાદી છે. મોદી લહેર વચ્ચે હાલમા ભાજપે હરિયાણામાં બહુમતિ સાથે જીત મેળવી હતી.મતદાન પહેલા આક્રમક પ્રચારનો દોર ચાલ્યો હતો. ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેલીઓ કરી હતી. ભાજપના સ્ટાર પ્રચારકો પણ મતદાનમાં જોડાયા હતા. પ્રચાર દરમિયાન તમામ પાર્ટીના નેતાઓએ તમામ તાકાત લગાવી દીધી હતી ભાજપ પ્રથમ વખત જમ્મુ કાશ્મીરમાં સરકાર બનાવી શકશે કે કેમ તે બાબત આવતીકાલે જાહેર થઈ જશે. જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની માટે પાંચમા અને અંતિમ તબક્કા માટે મતદાન યોજાયા બાદ જુદી જુદી ચનલો દ્વારા એક્ઝિટ પોલના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. ચૂંટણી માટેની લાંબી પ્રક્રિયા પુરી થયા બાદ એક્ઝિટ પોલના પરિણામો જુદી જુદી ચેનલો દ્વારા જારી કરવામાં આવ્યા હતા જે પૈકી મોટાભાગના એક્ઝિટ પોલમાં ભાજપને ઝારખંડમાં સ્પષ્ટ બહુમતિ આપવામાં આવી છે પરંતુ જમ્મુ કાશ્મીરમાં કોઈપણ પાર્ટીને બહુમતિ મળી રહી નથી. પીડીપી જમ્મુ કાશ્મીરમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી રહી છે. જમ્મુ કાશ્મીરમાં મિશન ૪૪ પ્લસને લઈને ભાજપને સફળતા મળી રહી નથી. કોણ બાજી મારી જશે તે અંગેનું વાસ્તવિક ચીત્ર ૨૩મી ડિસેમ્બરના દિવસે સ્પષ્ટ થશે તારણો મુજબ કોંગ્રેસની હાલત ખુબ જ કફોડી દેખાઈ રહી છે.

## ધર્માંતરણ મુદ્દે સંસદમાં ભારે હોબાળો જારી

નવી દિલ્હી,તા. ૨૨

ધર્માંતરણના મુદ્દે મડાગાંઠ અકબંધ બનેલી છે. આજે પણ સંસદમાં ધર્માંતરણના મુદ્દે સંસદ હચમચી ઉઠી હતી. બન્ને ગૃહોમાં હોબાળો રહ્યો હતો. સંસદીય બાબતોના પ્રધાન વૈંકેયા નાયડુએ લોકસભામાં ખુલાસો કરતા કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર ધર્માંતરણ અથવા તો ફેરધર્માંતરણને ટેકો આપતી નથી. નાયડુએ કહ્યું હતું કે, જો કોઈ વ્યક્તિગત કોઈને ધર્મપરિવર્તન બળજબરીપૂર્વક કરાવે છે તો તે વ્યક્તિની સામે રાજ્ય સરકાર પગલા લઈ શકે છે. ધર્માંતરણના મુદ્દે વિરોધપક્ષના આકરા પ્રહારોનો સામનો કરતાં નાયડુએ કહ્યું હતું કે, સરકાર અથવા તો ભાજપ આવી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ નથી. રાજ્ય સરકારોએ જો કોઈ વ્યક્તિ કાયદાનો ભંગ કરે છે તો પગલા લેવા જોઈએ. કોંગ્રેસના સભ્યો કેસી વેણુગોપાલે શુન્ય કલાક દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો હતો. વિરોધપક્ષો તેમની સાથે દેખાયા હતા. વેણુગોપાલના નિવેદન બાદ અન્ય વિરોધપક્ષો પણ આક્રમક મૂડમાં દેખાયા હતા. નાયડુએ કહ્યું હતું કે, સરકાર કોઈપણ જગ્યાએ ચિત્રમાં નથી. ભાજપ પણ ચિત્રમાં નથી. જો કોઈ વ્યક્તિગત ધર્માંતરણમાં સામેલ છે તો પગલા લઈ શકાય છે. નાયડુએ કહ્યું હતું કે, સરકાર ધર્માંતરણને કોઈપણ રીતે ટેકો આપતી નથી. સમગ્ર દેશમાં શાંતિ છે. કેટલાક લોકો નાખુશ છે. વિરોધપક્ષો રાજકીય મુદ્દો બનાવી રહ્યા છે. આક્ષેપબાજી ચાલી શકે નહીં. નાયડુએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા પગલા લેવામાં આવી રહ્યા છે. નાયડુએ પ્રશ્ન કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ સરકાર પણ પગલા લઈ રહી છે. સંસદમાં આક્ષેપબાજીનો દોર જારી રહ્યો હતો. કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, દરરોજ આવા બનાવ બની રહ્યા છે. ઘરવાપસીના બનાવ જુદા-જુદા રાજ્યોમાં જારી છે. સરકારનો પરોક્ષરીતે ટેકો છે. અગાઉ રાજ્યસભામાં પણ ધાંધલ ધમાલ થઈ હતી. રાજ્યસભામાં મોહન ભાગવતના નિવેદન મુદ્દે હોબાળો થયો હતો.ભાજપ અને અન્ય વિરોધપક્ષો આમને-સામને દેખાયા હતા. મોહન ભાગવતના નિવેદન અંગે પ્રતિક્રિયા આપતા બસપના વડા માયાવતીએ કહ્યું હતું કે, તેઓ ભાગવતની ટિપ્પણીને કઠોર શબ્દોમાં વખોડે છે. બંધારણના વિરોધમાં આ પ્રકારની ટિપ્પણી છે. વડાપ્રધાનના નિવેદનની માંગણી કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક દિવસથી ધર્માંતરણને લઈ જોરદાર વિરોધ ચાલી રહ્યો છે. જુદા જુદા રાજકીયપક્ષો આક્રમક મૂડમાં છે અને સરકારને ભીંસમાં લેવાના પ્રયાસમાં છે.



## ઘર વાપસી કાર્યક્રમથી નારાજ મોદી : વિહીપે રોક્યું ધર્માંતરણ

નવી દિલ્હી,તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જોરદાર નારાજગી વ્યક્ત કર્યા બાદ હાલમાં વિશ્વ હિન્દુ પરિષદે પોતાના ઘર વાપસી કાર્યક્રમને રોકી દીધો છે. જો કે આ સંબંધમાં કોઈ સત્તાવારા જાહેરાત કરવામાં આવી નથી. વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોને મૌખિકમાં આદેશ કરવામાં આવ્યો છે. આ આદેશ શનિવારે ગુજરાતના વલસાડમાં ૫૦૦ ખ્રિસ્તી આદિવાસીઓને ફરી ધર્માન્તરણના કાર્યક્રમ બાદ કરવામાં આવ્યો હોવાના અહેવાલમ મળ્યા છે. આ કાર્યક્રમને લઈને દેશભરમાં જોરદાર હોબાળો થયો હતો. વિહીપ સાથે જોડાયેલા સુત્રોએ કહ્યું છે કે શનિવારે થયેલા કાર્યક્રમ પર વડાપ્રધાન ભારે નાખુશ હતા. દરમિયાન મધ્યપ્રદેશમાં સંગઠને દાવો કર્યો છે કે રવિવારે છ લાખ લોકોની ઘર વાપસી કરવામાં આવી છે. કેરળમાં પણ ઓછામાં ઓછા ૩૦ દલિત આદિવાસીઓને ફરી ધર્માન્તરણ મારફતે હિન્દુમાં લાવવામાં આવ્યા છે. સુત્રોએ કહ્યું છે કે હાલમાં ૪૦ લાખ ધર્માન્તરણ પર બ્રેક મુકવામાં આવી છે. જો કે વિહીપના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવીણ તોગડિયાએ કહ્યું છે કે કાર્યકરોને કોઈ નવા કાર્યક્રમ શરૂ કરવા અથવા તો બંધ કરવા માટેના આદેશ જારી કરવામાં આવ્યા નથી.ગુજરાતના અન્ય એક વિહીપ કાર્યકરે કહ્યું છે કે પરિષદ પર કોઈ દબાણ સરકારનુ નતી. તેની ગતિવિધી પહેલાની જેમ જ જારી રહેશે. તેમણે કહ્યું હતું કે પરિષધ આ બાબતને ધ્યાનમાં રાખે છે કે તેના ૧કામતી કોઈ નફરત સમાજમાં ન ફેલાઈ જાય. હાલમાં ધર્માન્તરણને લઈને જોરદાર વિવાદ છેડાયો છે.



## આમિર ખાનની પીકે ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર નવા રેકોર્ડ સર્જવાની દિશામાં

મુંબઈ,તા. ૨૨

આમિર ખાન અભિનીત પીકે ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર નવા રેકોર્ડ સર્જવાની દિશામાં આગળ વધી રહી છે. રાજકુમાર હિરાની દ્વારા નિર્દેશિત પીકે ફિલ્મ તમામ ચાહકોને પસંદ પડી રહી છે.

૧૯મી ડિસેમ્બરના દિવસે ફિલ્મ રજુ થયા બાદથી હજુ સુધી બોક્સ ઓફિસ ઉપર ૯૫.૨૧ કરોડની કમાણી કરી ચુકી છે. છ હજાર સ્ક્રિનમાં આ ફિલ્મ એકસાથે રજુ કરાઈ હતી. જેમાં ભારતમાં ૫૨૦૦ સ્ક્રિનનો સમાવેશ થાય છે. પીકે ફિલ્મે રવિવારના દિવસે રેકોર્ડ ૩૮.૨૫ કરોડની કમાણી કરી




હતી. જે શનિવારના દિવસ કરતા ૩૦ ટકા વધુ કમાણી હતી. આની સાથે જ આ ફિલ્મની કુલ કમાણી ભારતમાં વધીને ૯૫.૨૧ કરોડ સુધી પહોંચી છે. શુક્રવારના દિવસે આ ફિલ્મે ૨૬.૬૩ કરોડની કમાણી કરી હતી. શનિવારે ૩૦.૩૪ કરોડ અને રવિવારના દિવસે ૩૮.૨૪ કરોડની કમાણી કરી છે. ફિલ્મ પ્રોડ્યુસર દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આ અંગેની માહિતી આપવામાં આવી છે. આ ફિલ્મને લોકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. ટીકાકારો પણ સ્ટોરી લાઈનને લઈ ટીકા કરવાના મૂળમાં નથી. પાવરફુલ પર્ફોમન્સ આમાં જોવા મળે છે. વિધુ વિનોદ ચોપડા દ્વારા નિર્મિત અને રાજુ હિરાની દ્વારા નિર્દેશિત પીકે ફિલ્મમાં આમિર ખાન ઉપરાંત સંજય દત્ત, સુશાંતસિંહ અને અનુષ્કા શર્માની ભૂમિકા છે. ફિલ્મ જોઈ બહાર નિકળનાર લોકોનું કહેવું છે કે આ ફિલ્મ હાલમાં રજુ થયેલી અન્ય તમામ ફિલ્મોના રેકોર્ડને તોડી દેશે. જેમાં હેપ્પી ન્યુયર અને સિંઘમ રિટર્નસનો સમાવેશ થાય છે. બેંગબેંગ, સિંઘમ રિટર્ન્સ અને હેપ્પી ન્યુયર ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર હાલ રેકોર્ડ સફળતા મેળવી ચુકી છે. તેની સામે પીકે ઝડપથી ૧૦૦ કરોડ તરફ વધી ચુકી છે. ચાર જ દિવસમાં ૧૦૦ કરોડની કમાણી દર્શાવે છે કે આ ફિલ્મને જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે.

## મનમોહનસિંહ આજે પણ પહેલાની જેમ જ વ્યસ્ત

નવી દિલ્હી,તા. ૨૨

પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહને હોદ્દો છોડ્યાને ૨૦૦ દિવસનો ગાળો થઈ ગયો છે પરંતુ તેઓ આજે પણ પહેલાની જેમ જ વ્યસ્ત રહે છે. તેઓ દરરોજ અડધા દિવસ સુધી સંસદની કામગીરીમાં હાજરી આપે છે. સાથે સાથે પાર્ટીની તમામ બેઠકોમાં હાજરી પણ આપે છે. સમાન્ય લોકોને પણ મળે છે. મનમોહનસિંહે હજુ સુધી આત્મકથા લખવા અંગે કોઈ નિર્ણય કર્યો નથી. સિંહના એક નજીકના મિત્રે કહ્યું છે કે કોલસા ફાવવણી કોંભાંડ મામલે તેમની પુછપરછઠ કરવા માટે સીબીઆઈને કોર્ટે આદેશ આપ્યા બાદ તેઓ બિલકુલ પરેશાન નથી. દેશના ૧૩મા વડાપ્રધાન મનમોહનસિંહ વય અને તબિયત



ખરાબ હોવા છતાં તેની તરફ ધ્યાન આપ્યા વગર પોતાની કામગીરીને અસરકારકરીતે અદા કરવા માટે જાણીતા રહ્યા છે. તેઓ પોતાની કામગીરીમાં સતત વ્યસ્ત રહે છે. તેમના મિત્રો કહે છે કે યુપીએ સરકારના પ્રમુખ તરીકે હવે મુક્ત થયા બાદ પણ તેઓ પૂર્ણ રીતે વ્યસ્ત રહે છે. હાલમાં એક મુલાકાત આપવાનો પણ સિંહે ઈન્કાર કર્યો હતો. ભાજપની લોકસભા ચૂંટણીમાં ઐતિહાસિક જીત બાદથી મનમોહનસિંહ મનમોહનસિંહે મે મહિનામાં વડાપ્રધાન તરીકે રાજીનામુ આપી દીધુ હતુ. ત્યારે મોદી સરકાર સત્તારૂઢ થઈ હતી. મિત્રો એવી અટકળોને ફગાવી દે છે કે મનમોહન હાલ આત્મકથા લખી રહ્યા છે. તેઓ હાલમાં કોઈ પુસ્તક લખી રહ્યા નથી. દેશના પ્રથમ શિખ વડાપ્રધાન તરીકે રહેલા મનમોહનસિંહની પ્રતિષ્ઠા સમગ્ર વિશ્વમાં રહેલી છે. તેમની અર્થશાસ્ત્રી તરીકેની કુશળતાથી તમામ વિશ્વ વાકેફ છે. સિંહે વર્ષ ૨૦૦૯માં કોરોનરી બાયબાસ સર્જરી કરાવી હતી. જેથી તેઓ આરોગ્યને લઈને પણ સાવધાન રહે છે. તેઓ સ્વસ્થ અને પિટ રહેવા માટે વોકિંગ કરે છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી આજે પમ તેમને મળે છે અને સલાહ મેળવે છે. ભારતમાં વર્ષ ૧૯૯૧માં શરૂ થયેલી આર્થિક ઉદારીકરણમાં પણ તેમની મોટી ભૂમિકા રહી છે.

## ઉત્તરપ્રદેશમાં બર્ડ ફ્લુ એલર્ટ જાહેર : પોલ્ટ્રી પેદાશ પર બ્રેક

લખનૌ,તા. ૨૨

ઉત્તરપ્રદેશમાં બર્ડ ફ્લુ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. જેથી હવે સાવચેતીના તમામ પગલારૂપે પોલ્ટ્રી પેદાશોની આયાત પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચંદીગઢમાં બર્ડ ફ્લુના કેસ બાદ ભારે દહેશત જોવા મળી રહી છે. લોકોમાં ભારે દહેશત દેખાઈ રહી છે. હવે રાજ્ય સરકારે પણ રાજ્યભરમાં તમામ પોલ્ટ્રી યુનિટોના સંપૂર્ણ નિરીક્ષણ માટેનો આદેશ જારી કરી દીધો છે. રાજ્યમાં અખિલેશ યાદવ સરકાર દ્વારા જારી કરવામાં આવેલી એલર્ટની જાહેરાતને સમર્થન આપતા અધિકારીએ કહ્યું છે કે કોઈ પણ મુશ્કેલીને ટાળવા માટે આ પગલા લેવામા આવ્યા છે. અન્ય રાજ્યોમાંથી હવે પોલ્ટ્રીના તમામ સ્વરૂપ, ચિકન, ઈંડાની આયાત પર પ્રતિબંધ મુકી દીધો છે. આ મામલામાં ઉંડી તપાસ તબીબો દ્વારા પણ કરવામાં આવી રહી છે.પશુ સંવર્ધન વિભાગના ડિરેક્ટર આરપી સિંહે કહ્યું છે કે વધુ આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી અન્ય રાજ્યોમાંથી ચિકન, ઈંડા અને અન્ય વસ્તુઓ આયાત કરાશે નહી. દેશના કેટલાક ભાગોમાં હાલ બર્ડ ફ્લુની અસર જોવા મળી રહી છે.




રાજ્ય સરકારે તમામ ચિકનના નમુના લેવા માટે કહેવામાં આવ્યું છે. સાથે સાથે રસીકરણની ખાતરી કરવા માટે તમામ જિલ્લામાં રેપિડ એક્શન ટીમોની રચના કરવામાં આવી ચુકી છે. એક અધિકારીએ કહ્યું છે કે રાજ્યમાં ૪૦૦૦ નાના અને મોટા પોલ્ટ્રી ફાર્મ આવેલા છે. જેના પર હવે નજર રાખવામાં આવી રહી છે. ચંદીગઢમાં હાલમાં બર્ડ ફ્લુના કેસને લઈને ભારે અંધાધુંધી રહી હતી.

## શારદા કૌભાંડમાં યુનિફાઈડ તપાસ માટે માંગણી

નવી દિલ્હી,તા. ૨૨

પશ્ચિમ બંગાળ ડાબેરી મોરચાનું એક પ્રતિનિધિમંડળ આજે વડાપ્રધાન મોદીને મળ્યું હતું અને કરોડો રૂપિયાના શારદા ચીટફંડ કૌભાંડના સંબંધમાં તપાસ માટેની માંગણી કરી હતી. શારદા કૌભાંડમાં યુનિફાઈડ તપાસ માટેની માંગણી કરવામાં આવી હતી. સાથે-સાથે શારદા કૌભાંડના કારણે ભોગ બનેલા લોકોને પુરતા પ્રમાણમાં વળતર આપવાની પણ માંગણી કરવામાં આવી છે. કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (સીપીઆઈએમ)ના નેતા સીતારામ યચુરીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, અમે વડાપ્રધાનને વિનંતી કરી છે કારણકે, ઘણી તપાસ સંસ્થાઓ કેન્દ્ર સરકાર હેઠળ આવી ગઈ છે જેથી શારદા કૌભાંડમાં યુનિફાઈડ તપાસ થવી જોઈએ. આ પ્રતિનિધિમંડળમાં પશ્ચિમ બંગાળ ડાબેરી મોરચા કમિટીના ચેરમેન બિમન, પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુર્યકાંત મિશ્રા, રાજ્યસભાના પૂર્વ સભ્ય અગ્નિ રોય અને સીપીઆઈના નેતા પ્રણવસેન ગુપ્તા પણ સામેલ હતા. યચુરીએ કહ્યું હતું કે,પ્રતિનિધિમંડળે માંગ કરી છે કે, જસ્ટીસ શ્યામલ સેન કમિશન દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલને



જાહેર કરવામાં આવે. પશ્ચિમ બંગાળમાં ટીએમસી સરકાર દ્વારા નિમવામાં આવેલા આ પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલને લઈ ઘણી દુવિધા છે. તેમણે એમપણ કહ્યું હતું કે, તપાસની કોઈપણ બાબત જાહેર થઈ રહી નથી. સીપીઆઈએમના નેતાએ કહ્યું હતું કે, વડાપ્રધાન સમક્ષ અન્ય એક મુદ્દો પણ રજુ કરાયો હતો. જેમાં આ કૌભાંડના કારણે ભોગ બનેલા લોકોને પુરતા પ્રમાણમાં વળતર આપવાની માંગ કરવામાં આવી હતી. આ સ્કિમોમાં જીવનભરની કમાણી જમા કરનાર અને છેતરાઈ ગયેલા લોકોને પુરતા પ્રમાણમાં નાણાં મળે તે જરૂરી છે. વડાપ્રધાને પણ તમામની બાબત ગંભીરતાપૂર્વક સાંભળી હતી.

### વિચાર યાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

સંતાનો કે માતાપિતા બંને પક્ષે પોતાનો જ કક્કો ખરો કરવા કરતાં વચલો માર્ગ એટલે કે ચર્ચા કરીને સમસ્યાનો ઉકેલ લાવવામાં જ બંને પક્ષનું માનસન્માન અને હિત જળવાઈ રહે છે. સંબંધો ઉષ્માભર્યા રહે છે. બંને પક્ષે મર્યાદાનું ઉલ્લંઘન ન થાય તેની ખાસ તકેદારી રાખવી જોઈએ. અત્યાધુનિક વિચારધારામાં બાળકોને ભારતની સભ્યતા, સંસ્કૃતિ અને સંસ્કારોની સમજ પાડવી જોઈએ. આ માટે બાળપણથી નૈતિકમૂલ્યો સમજાવવાં જોઈએ. પરંપરા અને આધુનિકતાની વચ્ચેનો માર્ગ દરેકે અપનાવવો રહ્યો. પછી તે દાદાદાદી હોય કે માતાપિતા હોય તેમણે પરિવર્તન વત્તેઓછે અંશે સ્વીકારીને પોતાની જાતને એ માટે બદલવાની જરૂર છે.


બાળકો જેમ જેમ મોટા થતાં જાય તેમ તેમ તેમની માન્યતા અને વર્તન બદલાતા જાય છે. તે કોઈ ખોટું કામ કરે અથવા આડે માર્ગે જઈ રહ્યું છે તેવી ગંધ આવે તો તેને ખબર પણ ન પડે તેવી રીતે તેને ખોટા રસ્તે જતા રોકવાનો પ્રયાસ કરવો જોઈએ. ઝડપથી બદલાતી જતી દુનિયામાં બાળકોનું લાલનપાલન કરીને તેમને યોગ્ય દિશાદોર આપવાની કામગીરી દરેક માતાપિતા માટે પડકારજનક બની રહી છે. પણ સો ટચની વાત એ છે કે બાળકોનાં મન પર બહારની દુનિયાની અસર થવા છતાં પહેલી ડી અસર તેના માતાપિતાની પડે છે. સંતાન પરણીને જીવનમાં સ્થાયી થઈ જાય તો પણ માતાપિતાની ફરજ ક્યારેય પૂરી નથી થતી. બદલાય છે માત્ર નિયમો, રહેણીકરણી અને વર્તણૂક. દરેક પેઢી આ સમજે તો જીવન નંદનવન બની રહે.

**૨૫મી ડિસેમ્બરથી દિલ્હી પર નજર રહેશે**

## અમિત શાહ દિલ્હી ચુંટણીની જવાબદારી સંભાળવા તૈયાર

નવી દિલ્હી,તા. ૨૨

દિલ્હી ભાજપના નેતાઓની અંદર સંકલનના અભાવ અને આંતરીક ખેંચતાણથી ચિંતાતુર બનેલા પક્ષ પ્રમુખ અમિત શાહે દિલ્હીમાં ચુંટણી માટેની જવાબદારી પોતાના હાથમાં લઈ લેવાનો નિર્ણય કર્યો છે. ૨૫મી ડિસેમ્બરથી પાટનગરમાં ચુંટણીની તમામ જવાબદારી અમિત શાહે પોતે સંભાળી લેવાનો નિર્ણય કર્યો છે. મંગળવારના દિવસે ઝારખંડ અને જમ્મુ-કાશ્મીરના ચુંટણી પરિણામો જાહેર થયા બાદ અમિત શાહનું સંપૂર્ણ ધ્યાન દિલ્હીમાં કેન્દ્રીત થઈ જશે. વિધાનસભાની ચુંટણીના બે મહિના પહેલા દિલ્હી પર ધ્યાન કેન્દ્રીત કરશે.દિલ્હીમાં ફેબ્રુઆરીમાં ચુંટણી યોજાઈ શકે છે. સુત્રોએ કહ્યું છે કે, દિલ્હી ભાજપને એક સિંગલ



ઓથોરીટી તરફથી માર્ગદર્શનની જરૂર છે. હાલમાં દિલ્હીમાં જહાજના કેપ્ટનની જેમ દરેક વ્યક્તિ વર્તી રહી છે. જેના પરિણામ સ્વરૂપે ગુંચવણભરી સ્થિતિ સર્જાઈ છે. પાટનગરમાં એએપીની ઉપસ્થિતિના કારણે અમિત શાહને જવાબદારી સોંપી દેવામાં આવી છે. જુલાઈ મહિનામાં પક્ષ પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ દિલ્હીમાં રાજકીય ઘટનાક્રમ ઉપર અમિત શાહ નજર રાખી રહ્યા છે. ભાજપ છેલ્લા ૧૫ વર્ષથી દિલ્હીમાં સત્તાથી દૂર છે. જાણકાર લોકોનું કહેવું છે કે દિલ્હી અન્ય કોઈ રાજ્યની જેમ નથી. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે પણ અહીં સીધી લડાઈ નથી. કોંગ્રેસ વિરોધી લહેરના પરિણામ સ્વરૂપે ભાજપને દરેક જગ્યાએ મદદ મળી છે. પરંતુ દિલ્હીમાં એએપી ભાજપના હરિફ તરીકે છે જેથી ભાજપને વધુ પ્રયાસો કરવા પડશે. અમિત શાહ જાણે છે કે, પાર્ટી આંતરીક લડાઈ અને સંકલનના અભાવથી ગ્રસ્ત છે. અગાઉ પણ આંતરીક લડાઈના આક્ષેપો અને અહેવાલો સપાટી પર આવતા રહ્યા છે. થોડાક દિવસ પહેલા જ ભાજપના એક સભ્યએ પક્ષ પ્રવક્તા સાથે બોલાચાલી કરી હતી.

અમિત શાહ જાણે છે કે દિલ્હી યુનિટ સાંસદોની બેઠકને યોગ્ય રીતે હાથ ધરવામાં નિષ્ફળ છે. સાંસદો રસ ગુમાવી રહ્યા છે. તેવા અહેવાલ બાદ પક્ષ પ્રમુખ અમિત શાહ હવે વધુ આક્રમક બનીને મેદાનમાં ઉતરવા તૈયાર છે.

### સમાચાર ઝલક

- પાલીતાણામાં આદિનાથ પ્રભુની ૧૦૮ ફૂટની વિરાટ કદની દર્શનીય પ્રતિમા.
- ભાવનગરની આંગડિયા પેઢીનો કર્મચારી રૂ. ૪૭ લાખ લઈ ફરાર.
- મધ્યપ્રદેશના પેટ્રોલ પંપ ઉપરના સ્ત્રી શૌચાલયમાં કેમેરો મુકેલો ઝડપાયો. યુવતીની સતર્કતાથી ઝડપાયો.
- સેબીનો સપાટો ૨૯૦ કંપનીઓ પર પ્રતિબંધ.
- દેશના ટોચના ૨૦ ઉદ્યોગપતિઓ સામે ગેરકાયદેસર કમાણીના હેઠળના કેસ.
- હિમાચલમાં આંખ નિદાન કેમ્પમાં ૧૦ લોકોએ રોશની ગુમાવી.
- ઓસ્ટ્રેલિયામાં આઠ બાળકોની હત્યા કરનાર આરોપી માતા જ નીકળી.
- ૧૪૭ કિલોમીટરની પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંકતો ક્રિકેટરશ્રી ઉમેશ યાદવ.
- ૨૫મી ડિસેમ્બરથી કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ.